# મિત્રવર્ગના સહકારથી તમારા કામકાજ ઉકેલાશે



વિક્રમ સંવત ૨૦૬૯ આપના ભાગ્ય પરિવર્તન માટે, પ્રગતિ, સફળતા માટે મહત્વની બની રહે. ગયા વર્ષની આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત રહી આનંદ, ઉત્સાહમાં તમે તમારું કામકાજ કરી શકો. આપની આવક, સુખસંપત્તિમાં વધારો થાય. પુત્રપૌત્રાદિકની કારકિર્દી માટે આ વર્ષ મહત્વનું રહે. તે સિવાય ધર્મકાર્ય, આધ્યાત્મિકતામાં વધારો થાય. હૃદય-મનની પ્રસન્નતા રહે, આત્મસ્ફૂરણા તેમજ આત્મવિશ્વાસ દ્રઢ બનતા જાય. વિશેષમાં -

- વર્ષ દરમ્યાન આપની રાશિના અધિપતિ શનિનું પરિભ્રમણ રૂપાના પાયે આપને આકસ્મિક ન ધારેલી સફળતા અપાવે. સારી તક અપાવે. હવે પછીની જીંદગીના ભાવિનો ફેંસલો ફેરફારીથી સર્જાય. તા. ૨૩-૧૨-૨૦૧૨ થી તા. ૩૧-૫-૨૦૧૩ સુધીનો સમય તમારી જીંદગીનો રાહ બદલનારો રહે. તેમાં પણ તમારા જન્મના ગ્રહયોગ બળવાન હશે તો તમે ન ધારેલી સફળતા પ્રાપ્ત કરી શકો. પિતૃપક્ષ, સાસરી પક્ષમાં કારતક, આસો મહિનામાં બિમારી, ચિંતા, વિવાદનું આવરણ આવી જાય. તા. ૧૫-૧૨-૨૦૧૨ થી તા. ૧૪-૧-૨૦૧૩ દરમ્યાન આરોગ્યની અસ્વસ્થતા, નુકસાન, સરકારી, કાનૂની કાર્યવાહી, બેંક કાર્યવાહીમાં ધ્યાન રાખવું પડે. નોકરી-ધંધામાં ઉપરોક્ત સમય દરમ્યાન શાંતિ, રાહત જણાય નહિં. તા. ૧૬ ઓગસ્ટથી તા. ૧૬ સપ્ટેમ્બર વાહનથી સંભાળવું. સિઝનલ બિમારી, વાયરસ ઈન્ફેકશનથી, કમરમાં દર્દપીડાથી, થાપામાં, પગમાં દર્દપીડાથી તકલીફ અનુભવાય.

## આરોગ્ય સુખાકારી

આ વર્ષમાં શારીરિક, માનસિક સ્વસ્થતા જાળવીને આપે આપના રોજીંદા કામમાં ધ્યાન આપવું. કામના ભોગે જમવાની, સુવાની અનિયમીતતા તમને ન જોઈતી બિમારીના ચક્કરમાં લઈ જાય. જેમને કમરની, મણકાની, ગાદીની તકલીફ હોય તેમણે વાહન ચલાવવામાં, ઉઠવા બેસવામાં, નોકરી ધંધાના કામ કરવામાં આસો મહિનામાં તકલીફ અનુભવવી પડે. જીમમાં જનારે, સવાર, સાંજ ફરવા જનારે શરીર સમતોલન ન જળવાના દર્દપીડા અનુભવવી પડે. તા. ૧૬-૮-૨૦૧૩ થી તા. ૧૬-૯-૨૦૧૩ દરમ્યાન શરદી, ગેસ, ઝાડા, તાવથી કે પડવા વાગવાથી, લપસી પડવાથી તકલીફમાં મુકાવું પડે. યુવાન વર્ગને, નાના બાળકોને વોટરપાર્કમાં, જુદી જુદી રમતની મજા માણવામાં, અન્ય રમત ગમતમાં નાની-મોટી ઈજા, તકલીફથી તબીબી સલાહ, સારવાર લેવી પડે. બી.પી.ની શરૂઆત, કોલોસ્ટ્રોન, ડાયાબીટીસની શરૂઆત વારસાગત બિમારીમાં જણાય. તા. ૧૩ એપ્રીલથી તા. ૧૪ મે દરમ્યાન માતૃપક્ષની, પિતૃપક્ષની વારસાગત બિમારીની અસર જણાય. પરંતુ ઉપરોક્ત સમય દરમ્યાન જરૂરી તબીબી ચેકિંગ કરાવી લેવું જેથી મોટી બિમારી, આપત્તિથી મુક્ત રહી શકો. તા. ૧૯-૧૨-૨૦૧૨ થી તા. ૨૨-૧૨-૨૦૧૨ દરમ્યાન આપને હૃદય-મનની પ્રસન્નતા રહે તેવું કોઈ કામ થાય. જુન, જુલાઈ પુત્રપૌત્રાદિકના પ્રશ્ને ચિંતા રહેવાથી અનિંદ્રા-બેચેનીમાં કંઈ ગમે નહીં.

## આર્થિક સુખસંપત્તિ

આ વર્ષમાં વર્ષારંભે આપના નાણાકિય આયોજનમાં સાનુકૂળતા રહે. મકાન, જમીન, વાહનની ખરીદી હોય કે સંતાનના વિદ્યા-ભણતર કે વિવાહ-લગ્નનો ખર્ચ હોય તે કરવો પડે. વર્ષ દરમ્યાન, શનિ રૂપાના પાયે રહે છે તેથી અવારનવાર આપની સુખસંપત્તિમાં વધારો થાય. ફસાયેલા નાણા છુટા થાય. વધારાની આવક પ્રાપ્ત થાય. સગા-સંબંધી મિત્રવર્ગના સહકારથી તમારા કામકાજ ઉકેલાતા જાય. પરંતુ બેસતા વર્ષે અને ભાઈબીજે તેમજ આસો સુદ-૧૪થી આસો વદ અમાસના દિવસો દરમ્યાન તમારા પૈસા, પાકીટ, મોબાઈલ, લેપટોપ તેમજ વાહનનું ધ્યાન રાખવું. રસ્તામાં આવતા જતાં કે બેંકમાં જતા આવતા કોઈની વાતોમાં બેધ્યાન થઈ જવું નહિ. ઉપરોક્ત સમય દરમ્યાન વારસાગત મિલકતનાં પ્રશ્નોમાં ચિંતા-ઉચાટ રહે.

તા. ૨૩-૧૨-૨૦૧૨ થી તા. ૩૧-૫-૨૦૧૩ દરમ્યાન તમારી આવક સુખસંપત્તિમાં વધારો થાય. યશ-પદ-ધનની પ્રાપ્તી થાય. પરદેશનાં કામકાજમાં સાનુકૂળતા રહે. ધર્મકાર્ય, શુભકાર્ય થાય. ભાઈભાંડુ, પત્ની-સંતાનની ચિંતાનો પ્રશ્ન ઉકેલાય. પરિવારની સંયુક્ત આવકથી, વારસાગત મિલકતનાં ઉકેલથી, ફસાયેલાં નાણાં છુટા થવાથી, તેમજ બચતમાં રોકેલા નાણા આવવાથી આપના આનંદમાં વધારો થાય. તમારા અટકી પડેલા કામકાજો ઉકેલાય. નવું કોઈ નાણાકિય આયોજન કરવું હોય, ખરીદી કરવી હોય તો તેમાં સાનુકૂળતા રહે. તા. ૧૫-૧૨-૨૦૧૨ થી તા. ૧૮-૧૨-૨૦૧૨ દરમ્યાન કોઈ નુકશાન ન થાય તેનું અવશ્ય ધ્યાન રાખવું. શેરોની લે-વેચમાં, બેંકની કામગીરીમાં, બેંક લોકરની કામગીરીમાં અવશ્ય સાવધાની રાખવી. કાનૂની કામકાજમાં ચિંતા-બંધન, શિક્ષા, દંડ, નિરાશા અનુભવાય. ભાઈભાંડુ, નોકરચાકર, કારીગર વર્ગ, ઉપરી વર્ગ સાથેના વિવાદમાં ઉપર જણાવેલી તારીખો દરમ્યાન સાવધાની રાખવી પડે.

## પત્ની-સંતાન સુખ

આ વર્ષમાં પત્ની-સંતાન, પરિવારની પ્રગતિથી, તેમના ભાગ્યોદયથી તમે આનંદમાં રહો. તેમને સહકાર આપવા પ્રયત્ન કરો. સંજોગોવશાત, કોઈ કારણસર પત્ની-સંતાન સાથે મનદુઃખ થયેલ હોય કે વિવાદ થયેલ હોય તો તે દૂર થાય. તેમના કાર્યક્ષેત્રમાં તેમની પ્રગતિથી તમારા માન, સન્માનમાં વધારો થાય. પત્ની નોકરી કે ધંધો કરતી હોય તો વર્ષ લાભદાયી રહે. અવિવાહીતને વિવાહ-લગ્નનું નક્કી થાય. તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી પુત્રપૌત્રાદિકના વિદ્યા ભણતર, વિવાહ-લગ્નના પ્રશ્ન અંગે ચિંતા-ખર્ચ જણાય. પરંતુ તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૩૧ મે સુધીનો સમય સંતાનને પરદેશ જવા માટે, નોકરી-ધંધા માટે સાનુકૂળ રહે. સંતાનની આવક આવવાની શરૂઆત થાય. પત્નીની સરકારી નોકરી હોય તો તેને બઢતી, બદલીનો લાભ મળે. ખાનગી સંસ્થામાં નોકરી કરનારને વર્ષના મધ્યભાગથી વર્ષના ઉત્તરાર્ધ સુધીનો સમય આરોહ-અવરોહનો રહે. કામચલાઉ નોકરી, આવક આવતી બંધ થાય. માગશર સુદ ત્રીજ સુધી સંતાનને બિમારી, ચિંતાનું આવરણ આવી જાય. લગ્નવય મર્યાદાના અનુસંધાનમાં સંતાન મિત્રવર્ગના વિચારો, આકર્ષણમાં ઘર, પરિવારમાં પૂરતું ધ્યાન આપી શકે નહીં. પિતા-પુત્રી, પુત્રને, માતા પુત્ર-પુત્રીને મતભેદ, ઉશ્કેરાટ, વિવાદમાં શાંતિ, રાહત જણાય નહીં. આ વર્ષમાં પત્નીની ભક્તિ પૂજા, મંત્રજાપથી, તમારી, પુત્રપૌત્રાદિકની પ્રગતિ, સમૃદ્ધિ, શાંતિમાં વધારો થાય. પરસ્પર પરિવારની નિકટતાથી આનંદ રહે.

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વર્ષ દરમ્યાન શનિનું પરિભ્રમણ રૂપાના પાયે નોકરીમાં લાભદાયી રહેશે. તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૩૧ મે ૨૦૧૩ સુધીનો સમય નોકરીમાં સ્થળ-સ્થાનની ફેરફારીનો રહે. આપ જે કાર્યક્ષેત્રમાં કામ કરતા હોય તે કાર્યક્ષેત્રમાં બઢતી, સત્તા, પગાર વધારાની તક પ્રાપ્ત થાય અથવા તો અન્ય સંસ્થામાંથી સારી તક પ્રાપ્ત થતાં આપના કાર્યક્ષેત્રનું સ્થળ-સ્થાન-કામની ફેરફારી થાય. જેમને નોકરી ન હોય, આવક ન હોય તેમને ઉપરોક્ત સમય દરમ્યાન નોકરી મળે, આવક આવવાની શરૂઆત થાય.

તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરૂ ગ્રહની પ્રબળતા ઘટવાના કારણે ઉપરી અધિકારી, સહકાર્યકરવર્ગ, હરિફવર્ગ, ઈર્ષા, અદેખાઈ કરનાર તમારી પ્રગતિ, સફળતાને, કામને અવરોધવાના પ્રયત્ન કરી, તમને પરેશાન કરવાના પ્રયત્ન કરે પરંતુ તમારી ગુરૂ ગ્રહની ભક્તિ-પૂજા, મંત્રજાપથી છેવટે તમારા યશ-પદ-ધન સચવાઈ રહે. તમને કોઈ નુકસાન થાય નહીં. વર્ષના ઉત્તરાર્ધમાં આસો મહિનો આપના માટે અગ્નિ પરીક્ષાવાળો રહે. તેમાં પણ નાણાંકીય કે અન્ય જવાબદારીવાળા કામમાં નુકસાન થતાં તમારે પોતાની અંગત બચતના નાણાં હિસાબી કામમાં મુકવા પડે. નાણાંની, વસ્તુની હેરાફેરી, લેવડ દેવડમાં વસ્તુ-નાણાં ચોરાઈ જવાથી કે પડી જવાથી દિવાળી સમયે તમારી ઉંઘ હરામ થઈ જાય.

જેમને નોકરી બદલવાની ઈચ્છા હોય, નોકરી છોડીને ધંધો કરવાની ઈચ્છા હોય તેમને સામેથી નોકરી કે ધંધાની ઓફર આવે પરંતુ નાણાંકીય રોકાણ કરવાની શરતે, સમયના કરારી શરતનો સ્વીકાર કરીને નોકરી કે ધંધાનું આયોજન સ્વીકારવું નહીં. તા. ૨૩-૧૨-૨૦૧૨ પછી ભાગીદારીવાળા નિર્ણયમાં, રોકાણમાં, અન્યની લોભ-લાલચવાળી વાતોમાં અંજાઈ જઈને, પ્રભાવીત થઈને ઉતાવળીયો નિર્ણય કરવો નહીં. જેમના જન્મના ગ્રહયોગ બળવાન હશે તેમને સારી તક તેમની શરત અનુસારની પ્રાપ્ત થવાથી કામ કરવાનો આનંદ ઉત્સાહ રહેશે.

તા. ૧૬ ઓગસ્ટથી તા. ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન બિમારીથી, વાહનથી, પડવા વાગવાથી, પારિવારીક પ્રતિકૂળ સંજોગોથી નોકરીમાં એકાગ્રતા જળવાય નહીં. એપ્રીલ, મેમાં હૃદય-મનની વ્યગ્રતા, ચિંતા ઉચાટ રહે. વ્યવહારિક, સામાજીક કારણસર, પુત્રપૌત્રાદિકના કામથી આપને રજા લેવી પડે. તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૧૪-૧-૨૦૧૩ દરમ્યાન સરકારી, ખાતાકીય, કાનૂની તપાસમાં, પોલીસ કાર્યવાહીમાં ચિંતા-ખર્ચ-દોડધામ અનુભવાય. તમારો અંગત કોઈ પ્રશ્ન ચિંતાનો ન હોય પરંતુ અન્યના કારણે આપને શાંતિ-રાહત જણાય નહીં. શ્રાવણ, ભાદરવો અને આસો જેમ જેમ પસાર થાય તેમ તેમ શારીરિક-માનસિક શ્રમ-થાક-કંટાળો અનુભવતા હોવ તેમ લાગે. વધુ પડતા કામના કારણે, ઘેર આવવાના સમયની અનિયમિતાના કારણે તમે તેમજ પત્ની-સંતાનને પરિવારની શાંતિ, આનંદ ઉત્સાહ જણાય નહીં.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય !

ધંધામાં આ વર્ષ આરોહ-અવરોહનું રહે. પરંતુ તમારી ધીરજ અને સલામતી, સાવધાનીપૂર્વકનો ધંધાકીય નિર્ણય તમારા હિતમાં રહેશે. તમારી અને ધંધાની સ્થિરતાને વર્ષ ઉત્તરાર્ધમાં ટકાવી રાખશે.

રૂપાના પાયે શનિનું પરિભ્રમણ આપના માટે, ધંધા માટે સાનુકૂળતાવાળું રહેશે. જન્મવર્ષ, ૩૩, ૪૫ આ વર્ષમાં પસાર કરનારને આકસ્મિક ન ધારેલી સફળતા પ્રાપ્ત થાય. કમિશન, દલાલી, એજન્સીની કામગીરીમાં ધંધો-આવક વધે. ચાંદીના, લોખંડના, ધાતુના ધંધામાં, મશીનરીના ધંધામાં સાનુકૂળતા રહે. આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો થાય. કલાકારીગીરીના ક્ષેત્રનો વ્યવસાય હોય તેમને ધંધો-આવક સારો થાય. ધંધાર્થે પરદેશ જવાની તક પ્રાપ્ત થાય. નોકરીની સાથે સાથે ધંધો કરનારને જેમ જેમ વર્ષ પસાર થાય તેમ તેમ નોકરીમાં તેમજ ધંધામાં તકલીફો શરૂ થાય. નહીં ઘરના કે નહીં ઘાટના જેવી પરિસ્થિતિમાં આપ અટવાઈ પડો, નુકસાનીમાં આવતા જાવ. તે સિવાય એક સંસ્થાની પેટા સંસ્થા ચલાવનારે, બહારગામની સંસ્થા ચલાવનારે સતત ચિંતા-દોડધામની વ્યસ્તતામાં વર્ષ પસાર કરવું પડે. શ્રાવણ-ભાદરવો-આસો મહિનામાં ધંધાની સ્થિરતા, તમારી આવકની ચિંતા, દેવાની ચિંતા તમને મુંઝવ્યા કરે. તમારા આરોગ્યને અસર કરે. બી.પી.ની, ડાયાબીટીસની વધઘટ, અનિંદ્રા તેમજ ચિત્તભ્રમ-બુદ્ધિભ્રમ, યાદશક્તિનો અભાવ વર્તાય.

તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૧૧-૪-૨૦૧૩ દરમ્યાન ધંધામાં ફાયદો-લાભ થાય. આકસ્મિક ધંધો-આવક થાય. સોના-ચાંદીના, કાગળ, કાપડના વેપાર-ધંધામાં સાનુકૂળતા રહે. ભાગીદારીવાળા ધંધામાં વિવાદ ચાલતો હોય તો તે ઉકેલાય અને ધંધામાંથી મુક્ત થઈ તમે તમારા આયોજન પ્રમાણે ધંધો શરૂ કરી શકો. ઉપરોક્ત સમય દરમ્યાન ધંધાની જગ્યા, ધંધા માટેનું વાહન લઈ શકાય. ધંધાના સ્થળે ધાર્મિક પૂજાનું આયોજન થઈ શકે. લોખંડના, જમીનના, બાંધકામના ધંધામાં ફસાયેલા નાણાં છુટા થાય, ઉઘરાણી આવવાથી રાહત રહે. પત્ની-સંતાનના નામે ધંધો કરનારને સાનુકૂળતા રહે. પરંતુ વર્ષના ઉત્તરાર્ધમાં નેવું દિવસ ધંધાકીય પ્રશ્ને, કારીગરના પ્રશ્ને, ગ્રાહકવર્ગ, હરિફવર્ગના પ્રશ્ને ચિંતા-ખર્ચ-દોડધામ અનુભવાય. ઉપરોક્ત સમયમાં તમારી બિમારી પણ ધંધામાં રૂકાવટ-ચિંતા-મુશ્કેલી રખાવે. આવક ઓછી અને ખર્ચા વધારે જણાય. પરિવારના વડીલવર્ગની બિમારી-ચિંતાના કારણે ધંધામાં પૂરતું ધ્યાન આપી શકાય નહીં. ટુંકમાં આ વર્ષ આપને ધંધામાં આરોહ-અવરોહનું રહે.

## સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગને ધર્મકાર્યથી હૃદય-મનની પ્રસન્નતા રહે. પતિ-સંતાન-પરિવારની સુખસંપત્તિમાં વધારો થાય. અવિવાહીતને વિવાહ-લગ્નનું નક્કી થાય. પરંતુ તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૨ દરમ્યાન પુત્રપૌત્રાદિકના પ્રશ્ને ચિંતા રહે. સંતાનને બિમારીથી, પડવા વાગવાથી તેમજ મિત્રવર્ગના કારણે તકલીફ અનુભવાય. વિદ્યાભ્યાસમાં ધ્યાન રાખવું પડે. તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૧૧-૪-૨૦૧૩ દરમ્યાન પતિ-સંતાનને ફાયદો-લાભ થાય. પરંતુ આસો મહિનામાં પિતૃપક્ષે બિમારી-ચિંતા-વિવાદનું આવરણ આવી જાય. તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૨ સુધીનો સમય તેમજ તા. ૧૩-૪-૨૦૧૩થી તા. ૨૩-૫-૨૦૧૩ સુધીનો સમય માતૃ-પિતૃ પક્ષની ચિંતા રહે. વડીલ વર્ગનો વિયોગ થાય. બિમારી-ચિંતા જણાય. તે સિવાય શ્રાવણ-ભાદરવો-આસો મહિના દરમ્યાન તમારા પોતાના આરોગ્યની અસ્વસ્થતાના કારણે પતિ-સંતાન-પરિવારના રોજીંદા કામકાજમાં રૂકાવટ, ચિંતા, તકલીફ અનુભવો. પતિ-સંતાનને નાની-મોટી-ચિંતા, તકલીફમાંથી પસાર થવું પડે.

## વિદ્યાર્થીવર્ગ

ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ માટે આ વર્ષ મહત્વનું રહે. વિજ્ઞાન વિદ્યાશાખા, એન્જીનીયરીંગ કે તબીબી વિદ્યાશાખાનો અભ્યાસ કરનારને તા. ૩૧ મે ૨૦૧૩ સુધીનો સમય સાનુકૂળતાવાળો રહે. જેમને વિદ્યાભ્યાસ અધૂરો રહ્યો હોય, એ.ટી.કે.ટી.ના કારણે રૂકાવટ આવેલી હોય તો, વર્ષારંભની મહેનત પરીક્ષાના પરિણામની સફળતામાં તમારી કારકિર્દીના પરિવર્તનમાં મહત્વનો ભાગ ભજવી જાય. તે સિવાય તા. ૧૮-૧૨-૨૦૧૨ સુધીનો સમય તેમજ તા. ૧૨-૪-૨૦૧૩ થી તા. ૨૩-૫-૨૦૧૩ સુધીનો સમય અને તા. ૫-૧૦-૨૦૧૩ પછીનો સમય મિત્રવર્ગથી તેમજ આરોગ્યની અસ્વસ્થતાથી સંભાળવો પડે.

## ખેડૂતવર્ગ

ખેડૂતવર્ગને વર્ષ આરોહ-અવરોહનું રહે. ભાગમાં ખેતી કરાવનારને ચોમાસુ ખેતીમાં તકલીફની શરૂઆત થાય. ઉપજ, આવકનો ઓછો લાભ પ્રાપ્ત થાય. નોકરી-ધંધો કરનારે ખેતીની જવાબદારીમાં, કામગીરીમાં બેદરકારી રાખવી નહીં તેમજ અન્ય પર પરાવલંબિત રહેવું નહીં. તા. ૩૧-૫-૨૦૧૩ પછી પરિવારની ચિંતા, તમારા આરોગ્યની પ્રતિકૂળતાથી ચિંતીત રહો. સાધન, સંપન્નની સમૃદ્ધિવાળા ખેડૂતવર્ગને સરકારી, રાજકીય કે આવકવેરા વિભાગની પરેશાની-તકલીફ આવી જાય.

## ઉપસંહાર

આપના માટે આ વર્ષ ગયા વર્ષની સરખામણીમાં એકંદરે ઘણું રાહતવાળું રહે. જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ મહિના તમારા માટે લાભદાયી, પ્રગતિવાળા રહે. નોકરી-ધંધામાં નવું આયોજન-ફેરફારીના સંજોગો ગતિમાન થાય. પુત્ર પૌત્રાદિકની સફળતા-પ્રગતિથી આનંદ રહે. પરિવારની સુખ સમૃદ્ધિમાં વધારો થાય. માતૃપક્ષ-પિતૃપક્ષ માટે વર્ષ ચિંતાવાળું રહે. આ વર્ષ ફેરફારીનું રહે. ધર્મકાર્ય, શુભકાર્ય થાય. જુના સંબંધો તાજા થાય, નવી ઓળખાણ, સંબંધો વધે. શનિની, ગુરૂની પ્રબળતા તમારી આધ્યાત્મિક શક્તિમાં, આત્મસ્ફૂરણમાં તેમજ સફળતા-પ્રગતિમાં વધારો કરાવે અને તમે આનંદમાં રહો.